વિક્રમ : શહેરમાં દાયકામાં સૌથી વધુ ગરમી : ૪૫.૮ ડીગ્રી

ગાંધીનગર અગનવર્ષામાં લપેટાયુ : ગાંધીનગરમાં ૧૨ વર્ષના અંતે ગરમીનુ કાતિલ સ્વરૂપ : અગાઉ વર્ષ ૨૦૧૦ માં મહત્તમ તાપમાન ૪૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ : દિવસ દરમિયાન આકાશમાંથી આગ વરસી : આગ ઓકતી ગરમીથી નગરજનો ત્રાહીમામ

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં આજે છેલ્લા એક દાયકાની સૌથી વધુ ગરમી પડી હતી. નગરજનોએ સવારથી જ કાતિલ હીટવેવનો અનુભવ કર્યો હતો મહત્તમ તાપમાન ૪૫.૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ છેલ્લા ૧૨ વર્ષમાં સૌથી વધુ ગરમી આજે નોંધાઇ હતી. ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો અચાનક જ ૧.૨ ડીગ્રી ઉંચકાયો હતો. જયારે દિવસના તાપમાનની સાથે રાત્રિનુ તાપમાન પણ ૩૦ ડીગ્રી નજીક પહોંચી ગયુ હોવાથી મોડી સાંજ બાદ પણ વાતાવરણમાં ગરમાવો યથાવત રહ્યો હતો. ગરમીએ હદ વટાવતા સમગ્ર શહેર આગની જવાળમાં લપેટાયુ હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. નગરના આકરી ગરમીની અસરથી નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ.સમગ્ર રાજયના વિવિધ શહેરોમાં પણ ગરમીનો પારો ઉંચકાયો હતો ગરમીના પારાની દોટ યથાવત છે ત્યારે આગામી દિવસોમાં પણ હજુ મહત્તમ તાપમાન વધે અલબત્ત ગરમીનુ જોર હજુ પણ વધશે તેવી સંભાવના છે. આગ ઓકતી ગરમીએ ગાંધીનગરને બાનમાં લીધુ છે. જેના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઇ રહી છે.

ગાંધીનગરમાં આ વર્ષે ઉનાળો આકરો અને અસહ્ય પુરવાર થયો છે. છેલ્લા એક દાયકામાં ન અનુભવી હોય તેવી ગરમી નગરજનો વેઠી રહ્યા છે. ગત માર્ચ મહીનામાં ગરમીની સિઝનની શરૂઆતમાં જ આકરી ગરમીથી સૌ કોઇ તોબા પોકારી ગયા હતા. માર્ચ મહીનામાં જ ગરમીનો પારો સીધો ૪૦ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ઉનાળો વધુ આકરો પુરવાર થશે તેનો અહેસાસ ત્યારથી જ વર્તાતો હતો. જયારે એપ્રિલ મહીનામાં રેકર્ડે બ્રેક તાપમાન નોંધાયુ હતુ. જયારે ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ આવી ગયો હતો. અત્યાર સુધી સિઝનમાં ત્રણ વાર મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નોંધાયુ છે જયારે ગઇકાલે પણ આકરી ગરમીથી નગરજનો પ્રભાવિત થયા હતા. મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીએ આવી ગયુ હતુ આમ પણ છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૪૧ થી ૪૪ ડીગ્રી વચ્ચે રહેતા ગરમીનુ જોર સતત યથાવત હોવાથી નગરજનો બેબાકળા બની ગયા છે. જયારે આજે અચાનક જ ગરમીએ ઉગ્ર મિજાજનો પરચો આપ્યો હતો. સમગ્ર રાજયમાં વિવિધ શહેરોમાં ગરમીનો પારો ઉંચકાયો છે. જયારે સિઝનની રેકર્ડે બ્રેક ગરમી નોંધાઇ છે. જયારે કેટલાક ઠેકાણે અત્યાર સુધી ન અનુભવાઇ હોય તેવી આકરી ગરમીમાં નાગરિકો શેકાઇ રહ્યા છે. ગાંધીનગરમાં પણ ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. આજે ગરમીનો પારો ૧.૨ ડીગ્રીના વધારા સાથે સિઝનના સૌથી વધુ જ નહીં પરંતુ એક દાયકાનુ સૌથી વધુ તાપમાન નોંધાયુ હતુ. ગરમીનો પારો ૪૫.૮ ડીગ્રી અલબત્ત ૪૬ ડીગ્રી નજીક આવી ગયો હતો. અગાઉ વર્ષ ૨૦૧૦ માં મે મહીનામાં ગરમીનો પારો ૪૮ ડીગ્રીએ પહોંચતા સૌથી વધુ ગરમી નોંધાઇ હતી જયારે ૧૨ વર્ષના અંતે ગરમીનો મિજાજ અત્યંત ઉગ્ર જોવા મળી રહ્યો છે. જયારે આ સાથે લઘુત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રીની નજીક આવી ગયુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન આકરી ગરમ લું ફુંકાઇ હતી. નગરજનો આકરી ગરમીથી બચવા માટે ઘરમાં પુરાયેલા રહ્યા હતા. બપોરે સમગ્ર શહેર આગની જવાળમાં લપેટાયુ હતુ. નગરજનો આગની ભઠ્ઠીમાં શેકાતા હોવાના અહેસાસ સાથે ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા. જયારે દિવસની અંગ દઝાડતી ગરમીની સાથે ઢળતી સાંજ બાદ પણ વાતાવરણમાં ગરમાવો યથાવત રહ્યો હતો મોડી રાતે પણ ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. દિવસ દરમિયાન આકરી ગરમીના લીધે સરકારી કચેરીઓમાં પણ બપોરના સમયે ખાલીપો જોવા મળ્યો હતો. જયારે સેકટરોમાં પણ રહીશો ઘરના બારી બારણા બંધ કરી એસી ઓન કરી પુરાઇ ગયા હતા. ગરમીના ગરમીનો મિજાજ સતત ઉગ્ર રહેતા જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઇ રહી છે. મહીલાઓ ,બાળકો અને સિનિયર સીટીઝન્સ ગરમીથી વિશેષ પ્રભાવિત છે. દિવસ દરમિયાન નાછુટકે ઘરની બહાર નિકળતા ટ્રીચકી વાહનોના ચાલકો પુર્ણ રીતે શરીર ઢાંકીને જતા નજરે પડે છે. શહેરમાં કાળઝાળ ગરમીમાં ઠંડા મિનરલ પાણીની પરબો પણ કાર્યરત થઇ છે. જયારે સેવાભાવી આગેવાનોએ પણ ઠંડી છાસ સહીત શ્રમિકોને પગરખા વિતરણ જેવા સેવાના કાર્યો હાથ ધર્યા છે. આગ ઓકતી ગરમીમાં સેકટરોમાં પશુ પંખીઓ પણ છાંવમાં લપાયેલા રહે છે.

આગ ઓકતી ગરમીમાં દિવસ દરમિયાન સેકટરોની શેરીઓમાં સુનકાર

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી ગરમીનુ જોર યથાવત છે. મહત્તમ તાપમાન પણ છેલ્લા ૧૦ દિવસથી ૪૧ ડીગ્રીની પાર જોવા મળે છે. જયારે ગઇકાલે ગરમી ૪૪ ડીગ્રી નોંધાયા બાદ આજે શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક અને છેલ્લા એક દાયકાનો સૌથી વધુ ગરમ દિવસ પુરવાર થયો હતો. આકરી ગરમીના લીધે જનજીવન પ્રભાવિત છે. સેકટરોમાં સવારે ૧૧ વાગ્યા બાદ સન્નાટો છવાઇ જાય છે. નગરના મુખ્યમાર્ગો પર બપોરના સમયે પાંખી અવરજવર જોવા મળે છે. જયારે સેકટરોની શેરીઓમાં દિવસ દરમિયાન સુનકાર પ્રવર્તયો હતો. આજે પણ સવારથી જ ગરમીનો મિજાજ ઉગ્ર રહેતા નગરના રહેણાંક વિસ્તારમાં રીતસર બપોરના સમયે કરફયુ જેવી શાંતિ અને સન્નાટો જોવા મળ્યો હતો. ઘરની બહાર એકલદોકલ માણસ પણ માંડ નજરે પડે તેવી સ્થિતિ હતી. શહેરની સરકારી કચેરીઓમાં પણ બપોરના સમયે સન્નાટો છવાયો હતો. શહેરના જનજીવન પર હીટવેવની ઉંડી અસર વર્તાઇ રહી છે.

ગરમીની અસરથી હોટલ રેસ્ટોરન્ટ અને સેકટરોના બજારોમાં પણ ખાલીપો

આકરી ગરમીની અસરથી બચવા માટે ઘરની બહાર ન નિકળવા સાથે બહારનુ ખાવાનુ ટાળવા માટે પણ જણાવામાં આવી રહ્યુ છે. જો કે ગરમીમાં આમ પણ નગરજનો બહાર હોટલ રેસ્ટોરન્ટમાં ખાવાનુ ટાળી રહ્યા છે. જેથી છેલ્લા દસ દિવસથી નગરની હોટલો તેમજ રેસ્ટોરન્ટમાં પણ ખાલીપો જોવા મળે છે. આ ઉપરાંત સેકટરોના શોપિંગ બજારમાં પણ સન્નાટો જોવા મળે છે. દિવસ દરમિયન વેપારીઓ પણ ઘરાકીના અભાવે બપોરના સમેય દુકાનો બંધ રાખવાનુ પસંદ કરે છે. શહેરમાં આકરી ગરમીની અસરથી જન આરોગ્ય સાથે વેપાર ધંધા પણ પ્રભાવિત થયા છે.

કાતિલ ગરમીથી જન આરોગ્ય પ્રભાવિત સનસ્ટ્રોકની ફરિયાદો વધી

ગાંધીનગરમાં ગરમીએ હદ વટાવી છે. નગરજનો આકરી ગરમીથી બેચેન બન્યા છે. ઘરની બહાર નિકળવા જેવી સ્થિતિ નથી જયારે નાછુટકે કામ ધંધા અર્થે બહાર ફરતા નાગરિકો પર ગરમીની આડઅસર વધુ વર્તાઇ રહી છે. આકરી ગરમીમાં છેલ્લા ઘણાં સમયથી જનઆરોગ્ય પર વિપરિત અસર થઇ રહી છે. શહેરમાં લું લાગવાના લીધે ઝાડા ઉલ્ટી અને તાવના દર્દીઓ વધી રહ્યા છે. સનસ્ટ્રોકનો શિકાર બનતા નગરજનો હવે ગરમીમાં બહાર નિકળવામાં ભય અનુભવી રહ્યા છે. જો કે ગરમીમાં વધુ પાણી પીવુ સલાહભર્યુ હોવાનો મત પણ તબીબોએ વ્યકત કર્યો છે. જેથી ડીહાઇડ્રેશનની અસરથી પણ બચી શકાય જયારે જરૂર ન હોય ત્યાં સુધી બપોરના ૧૨ થી ૫ ના સમગાળામાં ઘરની બહાર ન નિકળવા માટે પણ નગરજનોને જણાંવાયુ છે.

અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર, પારો ૪૭ ડીગ્રી

અમદાવાદ, તા.૧૧

સમગ્ર રાજયમાં છેલ્લા ૩ દિવસથી હીટવેવની અસર વચ્ચે આજે સીઝનનો સૌથી ગરમ દિવસ નોંધાયો છે. આંકડા પર નજર કરીએ તો અમદાવાદમાં આજે પારો ૪૭ ડિગ્રી પર પહોંચી જતાં રાજ્યનું સૌથી હોટેસ્ટ શહેર બન્યું છે. ઉપરાંત અન્ય શહેરોમાં પણ રેકોર્ડ તાપમાનનોંધાયું છે. મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૪૩થી ૪૫ ડિગ્રી વચ્ચે નોંધાયો છે. આમ રાજ્યમાં આજે આકાશમાંથી રીતસર અગનગોળા વરસી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. એટલી બધી ગરમી છે કે, લોકો સોશિયલ મીડિયા પર ગરમીના સ્ક્રીનશોર્ટ ફરતા કરી રહ્યા છે. રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમીથી લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. સ્થિતિ એવી છે કે, ભીડભાડવાળા વિસ્તાર પણ સૂમસામ બન્યા છે.

મેયરની સોસાયટીમાં ફાયર એન.ઓ.સી. ન હોવાથી વીજ કનેક્શન કપાતાં અંધારપટ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના મેયર જે સોસાયટીમાં રહે છે એ શ્યામ સુકન સોસાયટીને ફાયર એન.ઓ.સી. બાબતે વારંવાર નોટીસો આપવા છતાં બિલ્ડર દ્વારા કોઈ જ પગલાં ભરવામાં ન આવતાં આખરે હાઈકોર્ટના દિશા નિર્દેશ અનુસાર યુજીવીસીએલ દ્વારા સોસાયટીનું વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યુ છે.

કાળઝાળ ગરમીમાં વીજ કનેક્શન કપાતા રહીશો બેબાકળા બની ગયા હતા.

આગની ઘટનાઓ રાજ્યમાં સામે આવતાં હાઈકોર્ટે આકરૂ વલણ અપનાવીને ફાયર એન.ઓ.સી. વિનાની હોસ્પિટલ, કોમર્શિયલ બિલ્ડીંગ તેમજ રહેણાંક સોસાયટીઓ સામે કડક કાર્યવાહી કરવાના આદેશો આપ્યા છે.

ગાંધીનગર મનપાના ફાયર વિભાગો ફાયર એન.ઓ.સી. નહિ ધરાવતી ત્રણ જેટલી સોસાયટીના લાઈટ કનેક્શન કાપવા અંગેની નોટીસો ફટકારી હતી. આ પૈકી બે સોસાયટીઓ દ્વારા નોટીસ મળતાં જ એન.ઓ.સી. મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી.

શ્યામ શકન સોસાયટી દ્વારા નોટીસની દરકાર કરવામાં આવી ન હતી એટલે સુધી કે ફાયર વિભાગ દ્વારા વસાહતીઓને બિલ્ડીંગમાં ફાયર એન.ઓ.સી. નહિ હોવાથી જાણકારી આપવામાં આવી હતી. આમ છતાં કાર્યવાહી ન હાથ ધરાતાં ફાયર વિભાગે સોસાયટીનું વીજ કનેક્શન કાપી નાખવાની ભલામણ સાથે યુજીવીસીએલને જાણ કરી હતી. આ પત્રને પગલે યુજીવીસીએલ દ્વારા આ સોસાયટીનું વીજ જોડાણ આજે કાપી નાખવામાં આવ્યુ છે.

મેયર હિતેશ મકવાણાને પુછતાં તેમણે કહ્યુ હતુ કે મારા ઘરમાં લાઈટ નથી. કાયદો બધા માટે સરખો છે. ગઈકાલે સોસાયટીવાળા મળવા આવ્યા હતા પરંતુ લોકોના જીવન જોખમમાં મુકવા યોગ્ય નથી. કાયદા મુજબ ગાંધીનગરના બિલ્ડીંગોએ ફાયર એન.ઓ.સી. લેવી જરૂરી છે.

ગુડા ઉવારસદ, સરગાસણ વિસ્તારમાં ગટર લાઈન નવી નાંખવાનુ કામ શરૂ કરશે

ટી પી -૨૬ માં આવતા કુડાસણ સરગાસણ તારાપુર આસપાસ વિકાસ પામતા વિસ્તારમાં નવી લાઇન નંખાશે

ગાંધીનગર તા ૧૧

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો અપગ્રેડ કરવા માટે આયોજન કરાયુ છે. જયારે ગુડા દ્વારા ટી પી -૨૬ આસપાસ વિકાસ પામતા વિસ્તારમાં પણ નવી ગટર લાઇન નાંખવા માટે આયોજન કરાયુ છે. જેમાં વાસણા હડમતિયા, સરગાસણ , કુડાસણ તારાપુર અને ઉવારસદ સહીતના વિસ્તારનો સમાવેશ કરાયો છે. આ વિસ્તારમાં અંદાજિત રૂ ૬ કરોડના ખર્ચે નવી લાઇન નાંખવા કામગીરી હાથ ધરવામાં આવી છે.

ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં ગટર લાઇનનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. જેમાં બે ટાઉન પ્લાનીંગ સ્કીમને અનુલક્ષી ગંદા પાણીના નિકાલ માટે અંદાજિત રૂ ૬ કરોડના ખર્ચે લાઇનનુ કામ હાથ ધરવામાં આવશે. જેમાં વાસણા હડમતિયા , સરગાસણ , કુડાસણ તારાપુર અને ઉવારસદ સહીતના વિસ્તારનો સમાવેશ કરાયો છે. જયારે ડ્રેનેજ લાઇનની કામગીરી અન્વયે ૮૦ ટકા ખર્ચ ગુડા દ્વારા કરવામાં આવશે. તેમજ ૨૦ ટકા ખર્ચ જે તે વિસ્તારમાં સંબંધિત ડેવલપર્સ પાસેથી વસુલવામાં આવશે. એકબાજુ વિધાનસભાની ચુંટણી પણ નજીકમાં આવી રહી છે. ત્યારે શહેરી વિસ્તારના મતદારોમાં શાસક પક્ષ તરફનો જોક અગાઉથી જ જોવા મળી રહ્યો છે. ત્યારે ચુંટણીને અનુલક્ષી માળખાગત સુવિધાના કામો પણ ત્વરિત અસરથી કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જયારે માળખાગત સુવિધાઓના કામો સંદર્ભે તમામ વિભાગોને પણ સુચના આપી દેવામાં આવી છે. જયારે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વાસણા હડમતિયા ઉવારસદ સરગાસણ તારાપુરની આસપાસ વિકાસ પામતા વિસ્તારમાં ગટરની નવી લાઇન નાંખવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. જયારે ટી પી સ્કીમ નં -૨૬ માં આવતા સરગાસણ , કુડાસણ અને વાસણા હડમતિયા વિસ્તારમાં બાકી રહેતી ગટરની કામગીરી પણ હવે હાથ ધરાશે. જયારે આ માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ વિસ્તાર ગટર વ્યવસ્થાપન માટેનો ખર્ચ પણ અંદાજિત રૂ ૬ કરોડનો થશે જયારે આ ખર્ચ પૈકી ૮૦ ટકા અલબત્ત ૪.૮૦ કરોડનો ખર્ચ શહેરી વિકાસ સત્તા મંડળ ભોગવશે. જયારે બાકીની ૨૦ ટકા રકમ અલબત્ત ૧.૨૦ કરોડ જેટલો ખર્ચ ડેવલપર્સ પાસેથી વસુલવામાં આવશે.

આજે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ

વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતા વધી : સવારે ૧૦ કલાકે શિક્ષણમંત્રી પરિણામ જાહેર કરશે : જિલ્લામાંથી અંદાજિત ૫ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : ગુજકેટનુ પણ પરિણામ જાહેર થશે

ગાંધીનગર તા ૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૨ માં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થશે. સવારે ૧૦ કલાકે પરિણામ જાહેર થશે. આ ઉપરાંત ગુજકેટની પરીક્ષાનુ પણ પરિણામ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. પરિણામ જાહેર કરવાની જાહેરાતના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્તેજનાનુ મોજુ ફરી વળ્યુ છે. કોવિડના કહેરના લીધે ગત વર્ષે બોર્ડની પરીક્ષા યોજવામાં આવી ન હતી જયારે બે વર્ષના અંતે પરીક્ષા લેવાતા હવે પરિણામને અનુલક્ષી વિદ્યાર્થીઓ વધુ ઉત્સુક બન્યા છે.

ગત વર્ષે કોવિડના કહેરના લીધે ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા લેવામાં આવી ન હતી જયારે બે વર્ષના અંતે ગત માર્ચ મહીનામાં લેવાયેલી બોર્ડ પરીક્ષામાં મોટાભાગના પ્રશ્નપત્રો પણ સરળ નિકળ્યા હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો. જયારે પરીક્ષાના અંતે ટુંકા ગાળામાં પરિણામ પણ તૈયાર કરી દેવાયુ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવશે. ગત તા ૨૮ માર્ચથી ૧૨ એપ્રિલ દરમિયાન બોર્ડ પરીક્ષા લેવામાં આવી હતી. જયારે પરીક્ષાના અંતે ઉત્તરવહીનુ મુલ્યાંકન પણ શરૂ કરી દેવાયુ હતુ. જયારે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના પેપરોના મુલ્યાંકનનુ કામ પ્રથમ પુર્ણ થતા બોર્ડ કક્ષાએથી તા ૧૨ મે ના રોજ સવારે ૧૦ કલાકે જાહેર કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહમાં ગુજકેટનુ પણ પરિણામ જાહેર કરવામાં આવશે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના અંતે ધો -૧૦ નુ પણ પરિણામ ટુંકમાં જાહેર કરવામાં આવશે. જયારે ધો -૧૦ બાદ ધો -૧૨ સામાન્ય પ્રવાહનુ પણ રીઝલ્ટ જાહેર કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં કુદરતી પાણીના સ્ત્રોતનો અભાવછે. સાબરમતી નદી છે પરંતુ તે માત્ર જાણે નામની જ છે. વર્ષે બે વર્ષે ક્યારેક તેમાં પાણી જોવા મળે છે. તળાવના નામે સેકટર-૧નું તળાવ છે. પરંતુ તેમાં પાણી ટકતું નથી. જાણે નાનકડું ખાબોચિયું ભરાયું હોય તેટલું પાણી અહીં જોવા મળે છે. જો કે આકરા ઉનાળામાં આટલું પાણી પણ પક્ષીઓ માટે આશીર્વાદ સમાન બની રહે છે. જાતભાતના પક્ષીઓ અહીં પોતાની તરસ છીપાવવા અને ઠંડક મેળવવા અહીં આવે છે.

વિકાસ કામોની ધીમી ગતિને લઈ જિલ્લા ભાજપ પ્રમુખ પંચાયત કચેરીએ દોડ્યા

જિલ્લા વિકાસ અધિકારી સાથે એક કલાક સુધી બેઠક કરી ગતિ લાવવા કહ્યુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ઠપ્પ થયેલા વિકાસ કામો અંગે ભાજપના જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ પંચાયતની કચેરી દોડી આવ્યા હતા અને તેમણે જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ સાથે એક કલાક જેટલો સમય આ મુદ્દે મંત્રણાઓ કરી હતી.

અનિલ પટેલે જણાવ્યુ છે કે વિકાસના કામો ઝડપથી હાથ ધરાય તે માટે વહીવટીય મંજૂરી તેમજ તકનીકી મંજૂરી ઝડપથી આપવામાં આવે એટલુ જ નહિ ચોમાસા પહેલાં વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવે. તેમણે પત્રકારોને જણાવ્યુ હતુ કે ઘણા બધા સભ્યોએ આ મુદ્દે રજુઆતો કરી છે. ચૂંટણીનું વર્ષ છે અને વિકાસ કામો હજુ જોઈએ તેટલા શરૂ થયા નથી તેથી આ મુદ્દે તંત્ર તેની ઉદાસીનતા ખંખેરે તેવી સ્પષ્ટ વાત કરવામાં આવી છે. જિલ્લામાં વિકાસના કામોની ગતિ ધીમી પડી છે તેમજ તંત્ર પણ સરકારી કાર્યક્રમોના ભારણ તળે ફાઈલોનો ઝડપી નિકાલ થઈ શકતો નથી. સભ્યોએ સંગઠ્ઠનમાં કેટલી ઉગ્ર રજુઆત પછી આજે જિલ્લા ભાજપના પ્રમુખને પંચાયતમાં દોડીને આવવાની ફરજ પડી હતી. સભ્યોના વિસ્તાર વિકાસ કામોની પણ મંજૂરીઓ અટવાઈ પડે છે.

ગિયોડમાં પશુ સુધારણા કેન્દ્ર માટે ૨૦૦ ચો.મી. જમીન ફાળવી દેવાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામે પશુ સુધારણા યોજના ઉપકેન્દ્ર માટે ૨૦૦ ચો.મી.ની જમીન ફાળવણી કરતા હુકમો જિલ્લા કલેક્ટર દ્વારા આજે જારી કરવામાં આવ્યા છે.

ગઈકાલે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગિયોડની લીધેલી અચાનક મુલાકાત દરમ્યાન પશુ ચિકિત્સા કેન્દ્ર માટેની જગ્યાનો મુદ્દો ગ્રામજનો તરફથી રજુ થયો હતો. આ અંગે જમીન માંગણી કરતી દરખાસ્ત તંત્રમાં પડતર હતી.

મુખ્યમંત્રીએ આ મુદ્દે ઝડપથી કાર્યવાહી હાથ ધરવા માટે આપેલી સૂચના પછી જિલ્લાતંત્રએ ખાલી દરખાસ્તને આજે મંજૂરી આપી અને જમીન ફાળવણી અંગેના જરૂરી હુકમો કરી દીધા છે.

તંત્ર દ્વારા આ હુકમો થતાં જ નાયબ નિયામક ઘનિષ્ટ પશુ સુધારણા યોજના દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હવે ટુંક જ સમયમાં આ ઉપકેન્દ્ર માટેના નકશા અને અંદાજો તૈયાર કરી તેને મંજૂરી સબબ રજુ કરવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com